# DECISION 2016

## Adani Power Limited

adani

**Regd. Office:** Shikhar, Near Adani House, Mithakhali Six Roads, Navrangpura, Ahmedabad-380 009, Gujarat, India
Phone No. +91 79 25557555 | Fax No. +91 79 25557177
Website: www.adanipower.com
**CIN:** L40100GJ1996PLC030533

### NOTICE TO MEMBERS

Members of the Company are hereby informed that pursuant to Section 110 and other applicable provisions, if any, of the Companies Act, 2013 read with Rule 22 of the Companies (Management and Administration) Rules, 2014 and as per the provisions of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ["LODR Regulations"], the Company has completed the dispatch of Postal Ballot Notice along with Postal Ballot Form on 7th April, 2016 through electronic mail, to those shareholders who have registered their e-mail addresses with the Depositories and through physical mode along with a self-addressed postage prepaid Business Reply Envelope to the remaining Shareholders whose names appear in the Company's Register of Members as at the closure of business hours on 1st April, 2016 for seeking their approval in relation to Special Resolutions and/or Ordinary Resolution under the Companies Act, 2013.

The Board of Directors of the Company has appointed Mr. Chirag Shah, Practising Company Secretary as a Scrutinizer for conducting the Postal Ballot in a fair and transparent manner. As required under LODR Regulations, the Company has engaged the services of Central Depository Services (India) Limited [CDSL] to provide electronic voting facility to the Members of the Company as an alternative. The detailed procedure I instructions for e-voting forms part of the Postal Ballot Notice. In this regard, the Members are hereby notified that:

(a) The Company has completed the dispatch of Notice of Postal Ballot along with Postal Ballot Form and a self-addressed postage prepaid Business Reply Envelope on 7th April, 2016 to the Members whose names appear in the Company's Register of Members as at the close of business hours on 1st April, 2016 by the permitted mode of dispatch.

(b) The cut-off date (record date) as on which the voting rights of the members shall be reckoned is 1st April, 2016. A person who is not a member as on the record date should treat this Notice for information purposes only.

(c) Voting through physical and electronic means shall commence from 9.00 a.m. on 8th April, 2016 and ends at 6.00 p.m. on 7th May, 2016.

(d) Voting through physical and electronic means shall not be allowed beyond 6.00 p.m. on 7th May, 2016.

(e) All Postal Ballot forms received after 6.00 p.m. on 7th May, 2016 will be treated as if the reply from such member has not been received.

(f) In case of non-receipt of Notice of Postal Ballot along with Postal Ballot Form, a member as on the cut-off date can either download the same from website of the Company viz. www.adanipower.com or website or CDSL www.cdslindia.comor apply to the Company / Registrar and Transfer Agent; M/s. Karvy Computershare Pvt. Ltd., Karvy Selenium Tower B, Plot No. 31-32, Gachibowli, Financial District, Nanakramguda, Serilingampally, Hyderabad 500 032 to obtain duplicate thereof.

(g) Any grievances connected with the Postal Ballot may be addressed to Mr. Deepak Pandya, Company Secretary at investor.grievance@adani.com / Phone No.: +91-79-25555094. For any queries or issues regarding e-Voting, you may refer the Frequently Asked Questions ("FAQs") and e-Voting manual available at www.evotingindia.com under help section or write an email to helpdesk.evoting@cdslindia.com.

(h) The results of the postal ballot will be announced by the Chairman or in his absence to any other person authorised by the Chairman of the Company on Monday, 9th May, 2016at 5.00 p.m. at the Registered Office of the Company. The results along with the Report will be posted on the website of the Company: www.adanipower.com and on CDSL's website viz. www.cdslindia.com besides communicating to the Stock Exchanges where the shares of the Company are listed.

By Order of the Board
For **Adani Power Limited**

Place: Ahmedabad
Date: 7th April, 2016

**Deepak Pandya**
Company Secretary

# અદાણી પાવર લિમિટેડ

adani™
રજીસ્ટર્ડ ઓફિસ: "શિખર" અદાણી હાઉસની બાજુમાં,
મીઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૦૯, ગુજરાત (ભારત)
ફોન નં.: +૯૧-૭૯-૨૫૫૫૭૫૫૫ ફેક્સ નં.: +૯૧-૭૯-૨૫૫૫૭૧૭૭
સી.આઇ.એન.: L40100GJ1996PLC030533
વેબસાઇટ: www.adanipower.com

## સભ્યોને નોટીસ

આથી કંપનીના સભ્યોને નોટીસ આપવામાં આવે છે કે કંપની ધારા ૨૦૧૩ અન્વયે ખાસ ઠરાવો તથા સામાન્ય ઠરાવના માધ્યમથી સભ્યોની સંમતી મેળવવાના ધ્યેય સાથે કંપની ધારા ૨૦૧૩ ની કલમ ૧૧૦ તથા અન્ય જોગવાઈઓ જો કોઈ લાગુ પડતી હોય તો તે અન્વયે અને કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો, ૨૦૧૪ના નિયમ ૨૨ તથા સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડીસ્કલોઝર રીક્વાયરમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ (એલઓડીઆર રેગ્યુલેશન્સ) સાથે વંચાણે લીધા મુજબ કંપનીએ પોસ્ટલ બેલોટ નોટીસ સાથે પોસ્ટલ બેલટ ફોર્મ તથા કંપનીનું સરનામું છાપેલા, અગાઉથી પોસ્ટેજ ચુકવેલા બિઝનેસ રીપ્લાય કવર સાથે સભ્યોને મોકલવાની કામગીરી તા. ૭મી એપ્રીલ, ૨૦૧૬ના રોજ પૂરી કરી છે. આ નોટીસ એ સભ્યોને મોકલાવેલ છે કે જેઓનું નામ તારીખ ૧લી એપ્રીલ, ૨૦૧૬ના રોજ કંપનીના રજીસ્ટર ઓફ મેમ્બર્સમાં દાખલ થયેલ છે.

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે પોસ્ટલ બેલટની કામગીરી યોગ્ય અને પારદર્શક રીતે કરવા માટે પ્રેક્ટીસીંગ કંપની સેક્રેટરી શ્રી ચિરાગ શાહની નિમણુંક સ્ક્રુટીનાઈઝર તરીકે કરી છે. લિસ્ટીંગ રેગ્યુલેશન્સની આવશ્યકતા અનુસાર કંપનીએ એક વિકલ્પ તરીકે કંપનીના સભ્યોને ઈ-વોટીંગ સુવિધા આપવા માટે સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીઝ (ઈન્ડિયા) લિમિટેડ (સીડીએસએલ)ની સેવાઓ લીધી છે. ઈ-વોટીંગની વિગતવાર પ્રક્રિયા/સૂચનાઓ પણ પોસ્ટલ બેલટની નોટીસના ભાગરૂપે તેમાં સામેલ કરી છે. આ સંદર્ભમાં, સભ્યોને આથી જણાવવામાં આવે છે કે:

(૧) કંપનીના સભ્યોના રજીસ્ટરમાં જે સભ્યોના નામ તા. ૧લી એપ્રીલ, ૨૦૧૬ના રોજ કામકાજનો સમય પુરો થતી વખતે નોંધાયેલા હતા, તેમને સૌને કંપનીએ પોસ્ટલ બેલટની નોટીસ તથા તેની સાથે પોસ્ટલ બેલટ અને કંપનીનું સરનામુ છાપેલા, અગાઉથી પોસ્ટેજ ચૂકવેલા બિઝનેસ રીપ્લાય કવર નિયમાનુસાર રીતે સભ્યોને મોકલવાની કામગીરી તા. ૭મી એપ્રીલ, ૨૦૧૬ના રોજ પુરી કરી છે.

(૨) સભ્યોના વોટીંગના અધિકાર નિર્ધારિત કરવા માટેની કટ-ઓફ તારીખ (રેકોર્ડ તારીખ) તા. ૧લી એપ્રીલ, ૨૦૧૬ છે. રેકોર્ડ તારીખના રોજ સભ્ય હોય નહીં તેવી વ્યક્તિઓએ આ નોટીસની નોંધ માત્ર જાણકારીના હેતુસર લેવાની રહેશે.

(૩) બેલટ પેપર તેમજ ઈલેક્ટ્રોનિક માધ્યમથી વોટીંગનો આરંભ તા. ૮મી એપ્રીલ, ૨૦૧૬ના રોજ સવારે ૦૯.૦૦ કલાકે થશે અને તા. ૭મી મે, ૨૦૧૬ના રોજ સાંજે ૬.૦૦ કલાકે તે પૂર્ણ થશે.

(૪) તા. ૭મી મે, ૨૦૧૬ના રોજ સાંજે ૬.૦૦ કલાક પછી બેલટ પેપર કે ઈલેક્ટ્રોનિક માધ્યમથી વોટીંગ કરી શકાશે નહીં.

(૫) તા. ૭મી મે, ૨૦૧૬ના રોજ સાંજે ૬.૦૦ કલાક પછી મળેલા તમામ પોસ્ટલ બેલટ ફોર્મ્સને જે તે સભ્યો તરફથી કોઈ પ્રત્યુત્તર મળ્યો નથી તે રીતે ગણવામાં આવશે.

(૬) પોસ્ટલ બેલટની નોટીસની સાથે પોસ્ટલ બેલટ ફોર્મ મળ્યા ના હોય તેવા કિસ્સામાં કટ-ઓફ તારીખના રોજ સભ્ય હોય તેવી વ્યક્તિઓ એ કંપનીની વેબસાઈટ-www.adanipower.com અથવા સીડીએસએલની વેબસાઈટ-www.cdslindia.com ઉપરથી ડાઉનલોડ કરી શકશે અથવા કંપનીને/રજીસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ: મે. કારવી કોમ્પ્યુટર શેર પ્રા. લિ., કારવી સેલેનીયમ ટાવર બી, પ્લોટ નં. ૩૧-૩૨, ગાંચીબોલી, ફાયનાન્શીયલ ડિસ્ટ્રીક્ટ, નાનાકામગુડા, સીરીલીનગામપલ્લી, હૈદરાબાદ – ૫૦૦ ૦૩૨ ને અરજી કરી તેની ડુપ્લિકેટ નકલ પ્રાપ્ત કરી શકશે.

(૭) પોસ્ટલ બેલટ સંબંધી કોઈપણ ફરિયાદ શ્રી દિપક પંડ્યા, કંપની સેક્રેટરીને investor.grievance@adani.com/ ફોન નં.: +૯૧-૭૯-૨૫૫૫૫૦૯૪ ઉપર કરી શકાશે. ઈ-વોટીંગ સંબંધી કોઈપણ પૂછપરછ અથવા તો પ્રશ્નો માટે આપ www.evotingindia.com ખાતે હેલ્પ સેક્શન હેઠળ વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) તથા ઈ-વોટીંગ મેન્યુઅલ રીફર કરી શકો છો અથવા helpdesk.evoting@cdslindia.com ને ઈ-મેઈલ પણ કરી શકો છો.

(૮) પોસ્ટલ બેલટના પરિણામોની જાહેરાત કંપનીના ચેરમેન અથવા તેમની ગેરહાજરીમાં કંપનીના ચેરમેન દ્વારા નિયુક્ત કરેલ અન્ય કોઈપણ વ્યક્તિ દ્વારા સોમવાર, તા. ૯મી મે, ૨૦૧૬ના રોજ સાંજે ૫.૦૦ કલાકે કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ ખાતે કરવામાં આવશે. પરિણામો તથા તેની સાથેનો અહેવાલ કંપનીની વેબસાઈટ-www.adanipower.com ઉપર તથા સીડીએસએલની વેબસાઈટ-www.cdslindia.com ઉપર મુકવામાં આવશે અને તે ઉપરાંત કંપનીના શેર્સ જ્યાં લિસ્ટેડ છે તે સ્ટોક એક્સચેન્જીઝને તેની જાણ કરાશે.

બોર્ડના આદેશથી
અદાણી પાવર લિમિટેડ વતી

સ્થળ: અમદાવાદ
તારીખ: ૦૭.૦૪.૨૦૧૬

દિપક પંડ્યા
કંપની સેક્રેટરી